# SHRI K.K. SHASTRI GOVERNMENT COMMERCE COLLEGE

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road, Maninagar (East),
Ahmedabad-380008 Phone:079-22933660
NAAC Accredited 2.49 CGPA: UGC Recognised 2(f) & 12(B): Affiliated with Gujarat University, Ahmedabad
Website: www.skksgccmaninagar.org Email: prin-mani-ahm@gujarat.gov.in


ક્રમાંક: શ્રીકેકાસવાકો/નોટીસ/૨૦૨૫/155 તારીખ:૦૫/૦૩/૨૦૨૫

**સરકારી કોલેજ રાજ્યસ્તરીય "શ્રી કે.કા.શાસ્ત્રીજી સ્મૃતિ વિજયપદ્મ નિબંધ સ્પર્ધા": ૨૦૨૪-૨૫**

**નિબંધ લેખન સ્પર્ધા- અંગેની નોટીસ**

અત્રેની શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ, મણિનગર અમદાવાદમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫ માં અભ્યાસ કરતા B.Com ના વિદ્યાર્થીઓને જણાવવાનું કે, અત્રેની કોલેજમાં સરકારી કોલેજ રાજ્યસ્તરીય "શ્રી કે.કા.શાસ્ત્રીજી સ્મૃતિ વિજયપદ્મ નિબંધ સ્પર્ધા: ૨૦૨૪-૨૫"નું આયોજન કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

**નિબંધનો વિષય:**

ગુજરાતી-"શું સાંપ્રત સમયમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટુલ્સનો વધતો જતો ઉપયોગ ચિંતાજનક છે?"

અંગ્રેજી-"is the increasing Usage of Artificial Intelligence Tools in the contemporary world , a Matter of Worry?"

**સ્પર્ધાના નિયમો:**

1. આ નિબંધ લેખન સ્પર્ધામાં એક સંસ્થામાંથી સ્નાતક કક્ષાના વધુમાં વધુ બે (૦૨) વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.
2. નિબંધ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી પૈકી કોઈ એક ભાષામાં લખી શકશે.
3. નિબંધ ઓછામાં ઓછા ૨૦૦૦ શબ્દોમાં તથા વધુમાં વધુ ૩૦૦૦ શબ્દોની મર્યાદામાં A4 સાઈઝના પેપરમાં મૌલિક અને સ્વહસ્તાક્ષરમાં લખવાનો રહેશે.
4. આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના નિબંધોમાંથી શ્રેષ્ઠ ૨ નિબંધો નિર્ણાયકશ્રીઓ દ્વારા પસંદ કરવામાં આવશે. જે સરકારી વિનયન કોલેજ, મણિનગર,અમદાવાદ દ્વારા આયોજિત સરકારી કોલેજ રાજ્યસ્તરીય "શ્રી કે.કા.શાસ્ત્રીજી સ્મૃતિ વિજયપદ્મ નિબંધ સ્પર્ધા" ૨૦૨૪-૨૫ માં મોકલી આપવામાં આવશે.
5. વ્યક્તિગત પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિજેતાઓને પ્રોત્સાહક ઇનામ અને પ્રમાણપત્ર આપવામાં આવશે તથા પ્રથમ વિજેતા સંસ્થાને વિજયપદ્મ ટ્રોફી આપવામાં આવશે.

સરકારી કોલેજ રાજ્યસ્તરીય "શ્રી કે.કા.શાસ્ત્રીજી સ્મૃતિ વિજયપદ્મ નિબંધ સ્પર્ધા: ૨૦૨૪-૨૫ નિબંધ લેખન સ્પર્ધામાં ભાગ લેવા રસ ધરાવતા વિદ્યાર્થીઓએ તારીખ: ૦૮/૦૩/૨૦૨૫ ને શનિવાર ના રોજ (બપોરે 12:00 વાગ્યા સુધીમાં) ડૉ.એમ.જે.મનસુરી અથવા ડૉ. મિલન ઉંડવીયાનો સંપર્ક કરી પોતાનો નિબંધ જમા કરાવવાનો રહેશે.

ડૉ.યોગેશ યાદવ
આચાર્ય
શ્રી કે.કાશાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ,
મણિનગર(પૂર્વ),અમદાવાદ